GJSN020000282025	દાખલ કર્યા તારીખ	૦૨/૦૧/૨૦૨૫		
	રજીસ્ટરે લીધા તારીખ	૦૨/૦૧/૨૦૨૫		
	ફેસલ કર્યા તારીખ	૦૪/૦૮/૨૦૨૬		
	સમયગાળો	દિવસ	માસ	વર્ષ
		૦૨	૦૭	૦૧

સુરેન્દ્રનગરનાં મહે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.

ફોજદારી કેસ નંબર : ૧૬/૨૦૨૫

આંક:

ફરીયાદી :– શિવ શક્તિ ફાયનાન્સના પ્રો.,
શક્તિસિંહ પ્રવિણસિંહ ચાંચુ,
ઉ.વ.૪૦, ધંધો–શાહુકાર,
ઓફીસ–શિવ શક્તિ ફાઈનાન્સ,
દુ.નં.ડી–૩, પ્રથમ માળ યોગી શોપીંગ સેન્ટર,
મેઈનરોડ, સટાના હોલ સામે, સુરેન્દ્રનગર,
તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

વિરૂધ્ધ

આરોપી :– સંજયભાઈ સુર્યકાંતભાઈ શાહ,
ઉ.વ.આ.૫૦, ધંધો–પ્રા.નોકરી,
રહે.૭, કૈલાશ પાર્ક, જી.ઈ.બી. સર્કલ ઓફીસ પાસે,
વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

ગુન્હો :–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષ તરફે	::	**વિ.વ.શ્રી ટી.એમ.પરમાર**
આરોપીપક્ષ તરફે	::	**વિ.વ.શ્રી વી.એસ.જાની**

-//ચુકાદો//-

(૧) ફરીયાદીએ આ કામના આરોપી વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયે હાલની આ ફરીયાદ દાખલ કરેલ છે, જે ફરીયાદની ટુંકમાં હકીકત જોઈએ તો, તે એવા પ્રકારની છે કે, ફરીયાદી ઉપરોકત જણાવેલ સ્થળે રહે છે. તેમજ સરકારશ્રીમાંથી મેળવેલ ધીરધારના લાયસન્સ નં.જી.એમ.એલ./૧૩/૧૪૭/૨૦૧૬ થી શિવ શક્તિ ફાયનાન્સ, ઓફીસ નં.ડી/૩, પહેલો માળ, યોગી શોપીંગ સેન્ટર, મેઈસન રોડ, સટ્ટાના હોલ સામે, સુરેન્દ્રનગર મુકામે શાહુકારીનો ધંધો કરે છે. આ કામના આરોપી સુરેન્દ્રનગર-વઢવાણ રોડ પર ઉપરોકત સરનામે રહે છે. આ કામના આરોપીએ તેમની અંગત જરુરીયાત માટે ફરીયાદીની ફાયનાન્સ ઓફીસે આવી નાંણાની માંગણી કરતા લાયસન્સી ફાયનાન્સના નિયમો મુજબ ફોર્મ નં.૧૧ ભરી રકમ રૂા.૮૫,૦૦૦/- નું ધીરાણ ૧૮ (અઢાર) માસ માટે નિયમ મુજબના વાર્ષિક સેંકડે ૧૨% વ્યાજે તા.૧૪/૦૨/૨૩ ના રોજ ધીરાણ આપવામાં આવેલ હતુ. સદરહું ધીરાણની રકમ ફરીયાદી તરફથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના ચેક નં.૦૬૩૧૪૫ થી આરોપીને ચુકવવામાં આવેલ હતુ.

આરોપીએ નિયત સમય મર્યાદામાં એટલે કે ૧૮ (અઢાર) માસ પુરા થયેલ હોવા છતાં ફરીયાદીની મુદ્દલ રકમ તેમજ તેના પરના ચડત વ્યાજની રકમ ફરીયાદીની ફાયનાન્સ પેઢીમાં પરત જમા કરાવેલ નથી. આથી ફરીયાદી ફાયનાન્સ તરફથી આ કામના આરોપીને તા.૧૩/૦૯/૨૪ નાં રોજ રજી.એ.ડી. નોટીસ આપવામાં આવેલ હતી. સદરહું નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ રકમ પરત ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આ કામના

આરોપીએ ધીરાણ મેળવતા સમયે ફરીયાદી ફાયનાન્સને ફોર્મ નં.૧૧ માં દર્શાવ્યા મુજબ તેમની એચ.ડી.એફ.સી. બેંક, મીલન સીનેમા પાસે, સુરેન્દ્રનગર શાખામાં આવેલ તેમના ખાતા નં.૦૫૧૯૧૧૪૦૦૦૨૬૪૨ નો રકમ રૂા.૮૫,૦૦૦/- નો ચેક નં.૦૦૦૦૦૩ વાળો તા.૧૩/૦૮/૨૪ નાં રોજનો ચેક તેમની સહી કરી સીક્યુરીટી પેટે આપેલ હતો. ફરીયાદી તરફથી નોટીસ આપવા છતાં બાકી રકમની ચુકવણી આરોપીએ કરેલ નહી હોવાથી ફરીયાદી તરફથી આરોપીનો કોન્ટેકટ કરતા ચેક બેંકમાં જમા કરાવવા માટે સુચના આપેલ તેમજ આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદરહું ચેક બેંકમાં કલીયરીંગ માટે જમા કરાવતા તમોને ચેકની રકમ મળી જશે.

આરોપીની સુચના મુજબ ફરીયાદીને આપેલ ચેક ફરીયાદી તરફથી કલીયરીંગ અર્થે ફરીયાદીના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, સુરેન્દ્રનગર શાખાના ખાતા નં.૩૬૦૪૪૮૯૫૩૯ માં તા.૧૫/૧૦/૨૪ નાં રોજ જમાં કરાવતા સદરહું ચેક તા.૧૬/૧૦/૨૪ નાં રોજના ઈન્ટીમેશન મુજબ "એકાઉન્ટ કલોઝડ" ના કારણે સદરહું ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ છે. આમ ચેકની રકમ ફરીયાદીને મળેલ નથી. ઉપરની વિગતે ચેક રીર્ટન થતાં ફરીયાદીએ આ કામના આરોપીને તેમના વકીલશ્રી તરૂણ એમ. પરમાર મારફત ચેકવાળી રકમ તુરત જ વસુલ આપવા માટે તા.૨૧/૧૦/૨૪ ના રોજ રજી.એડી.થી નોટીસ આપેલ જે નોટીસનું કવર તા.૨૨/૧૦/૨૪ નાં રોજ આર.પી. એડી. કરેલ તે નોટીસ કવર આરોપીને તા.૨૩/૧૦/૨૪ નાં રોજ બજી ગયેલ છે. આ પ્રકારે આરોપીને નોટીસની બજવણી થયેલ છે. આમ છતાં ચેકવાળી રકમ આરોપીએ ફરીયાદીને કાયદા મુજબ ૧૫ દીવસની અંદર ચુકવી આપેલ નથી. તેમજ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આપેલ નોટીસનો આજ દીવસ સુધી કોઈ જ જવાબ પણ આપેલ નથી. જેથી હાલની ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ તેથી હાલની ફરીયાદ દાખલ કરવામા આવેલ છે.

(૨) આ ફરીયાદ દાખલ થતાં, આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ અને આરોપી ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માટે કોર્ટ સમક્ષ હાજર થતાં, તેને ફરીયાદની નકલો મળ્યા અંગેની ખાતરી કરીને, **આંક–૦૭** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ છે.

મૌખિક પુરાવો

ક્રમ	વિગત	આંક
૧	શક્તિસિંહ પ્રવિણસિંહ ચાંચુનું પુરાવાનુ સોગદનામું	૦૪

દસ્તાવેજી પુરાવો

ક્રમ	વિગત	આંક
૧	શાહુકાર નોંધણીનું પ્રમાણપત્ર રીન્યુઅલ	૧૦
૨	લોનની શરતો દર્શાવતુ ફોર્મ નં.૧૧	૧૧
૩	આરોપીને આપેલ નોટીસ	૧૨
૪	રજી. એડી. કર્યાની પોસ્ટની સ્લીપ	૧૩
૫	અસલ ચેક	૧૪
૬	ચેક બેંકમાં જમા કરાવ્યાની સ્લીપ	૧૫
૭	ચેક રીર્ટન મેમો	૧૬
૮	રજી. એડી. નોટીસ	૧૭
૯	રજી. એડી. કર્યાની પોસ્ટની સ્લીપ	૧૮
૧૦	નોટીસ બજયાનો ટ્રેકિંગ રેકોર્ડ	૧૯

(૩.૧) આ કામે ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા નથી, તે મતલબની

આંક–૨૬ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

ફરિયાદપક્ષે પુરાવો રજુ થયા બાદ આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે નું વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ એવો બચાવ લીધેલ છે કે, ફરિયાદીની ચેક મુજબની રકમ આંક–૨૫ થી ચૂકવી આપેલ છે. અમો તદ્દન નિર્દોષ છીએ.

(૪) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી નાઓ દ્વારા વિગતવાર મૌખિક દલીલ કરવામાં આવેલ છે અને રજૂઆત કરવામાં આવેલ છે કે, સદર કામના આરોપીએ હાલનો કેસ દાખલ થયા બાદ કાયદેસરની ચેકની લેણી રકમ પૈકીની રકમ ચૂકવી આપેલ છે પરંતુ ફરિયાદીએ ફાયનાન્સ કંપની છે અને બંને પક્ષકારો વચ્ચે નક્કી થયા મુજબ, આરોપીએ ફરિયાદીને કાયદેસર વ્યાજની રકમ ચૂકવવાની રહે છે. જેથી ફરિયાદીને કાયદેસર વ્યાજની રકમ મળવાપાત્ર હોય, આરોપી પાસેથી 12% વ્યાજની રકમ અપાવવા અરજ કરેલ છે.

(૪.૧) આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી નાઓ દ્વારા વિગતવાર મૌખિક દલીલ કરવામાં આવેલ છે અને રજૂઆત કરવામાં આવેલ છે કે, આરોપીએ હાલની ફરિયાદમાં રજુ કરેલ ચેકની પૂરેપૂરી રકમ ચૂકવી આપેલ છે જે હકીકત ફરિયાદીએ સ્વીકારેલ છે તેમ છતા ફરિયાદીએ સદર કેસ વિડ્રો કરેલ નથી અને વ્યાજની રકમની માંગણી કરેલ છે. ફરિયાદીને સદર કેસની કાર્યવાહી લગત વ્યાજની રકમની માંગણી કરવાનો કોઈ હકક કે અધિકાર નથી. જેથી આરોપી વિરુદ્ધ કોઈ કેસ રહેતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની

કલમ–૧૩૮ ની જોગવાઈ તથા ફરીયાદીની મૌખિક દલીલો ધ્યાને લેતાં, સદર ફરીયાદનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

–:: મુદ્દા ::–

૧). શું ફરીયાદપક્ષ એવું નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના ખાતાના ફરીયાદ વાળો તકરારી ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસૂલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલ છે ?

૨). શું આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો આચરેલ છે?

૩). શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નંબર–૧ હકારમાં.

૨. મુદ્દા નંબર–૨ હકારમાં.

૩. મુદ્દા નંબર–૩ આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોક્ત નિર્ણયો માટેનાં મારા કારણો નીચે મુજબ છે.

–:: કા ર ણો ::–

મુદ્દા નંબર–૧ અને ૨

(૮) આ કામે આરોપી વિરુદ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરિયાદ થયેલ છે, આ સંજોગોમાં ફરિયાદપક્ષે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા નામદાર સર્વોચ્ચ અદાલતના **Yogendra Pratap Singh v. Savitri Pandey, AIR 2015 SC 157** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાના રહે છે :

32. Section 138 of the NI Act has been analysed by this Court in Kusum Ingots and Alloys Ltd. Wherein this Court

said that the following ingredients are required to be satisfied for making out a case under Section 138 of the NI Act:

19. **M/s. Kusum Ingots and Alloys Ltd. v. M/s. Pennar Peterson Securities Ltd. and ors.** [AIR 2000 SC 954 : (2000) 2 SCC 745].

(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account for the discharge of any debt or other liability;

(ii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(iii) that cheque is returned by the bank unpaid, either because the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(iv) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(v) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.

(૮.૧) વધુમાં, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, અદાલતે કેટલાક અનુમાનો કરવાના છે. **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯** વંચાણે લેવામાં આવે તો,

118. Presumptions as to negotiable instruments.-

Until the contrary is proved, the following presumptions shall be made:-

a **of consideration -** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

b **as to date -** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

c **as to time of acceptance** - that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

d **as to time of transfer -** that every transfer of a negotiable instrument was made before its maturity;

e **as to order of indorsements -** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

f **as to stamps** - that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

g **that holder is a holder in due course** - that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in

lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. -

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૮.૨) ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ તમામ પુરાવા પુરવાર કરવા માટે ફરીયાદીએ સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને મૌખિક પુરાવાથી તમામ દસ્તાવેજોનું સમર્થન કરવામાં આવેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ અને ૧૩૯ માં ફરીયાદીની તરફેણમાં અદાલતે ઉપરોક્ત બંને જોગવાઈઓમાં જણાવ્યા મુજબના અનુમાનો કરવાના રહે છે, પરંતુ ઉપર જણાવેલ તમામ અનુમાનો ખંડનાત્મક છે, તેથી સદર અનુમાનોનું જ્યાં સુધી આરોપીપક્ષ તરફે ખંડનાત્મક પુરાવો રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે, તેથી કાયદામાં દર્શાવેલ તમામ અનુમાનો ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલ છે.

(૮.૩) વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટના **M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat 2004** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ, “ as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this

presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration."

(૯) વર્તમાન કેસની હકીકતો પર ધ્યાન આપતા પહેલા, **નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ**–૧૩૮ હેઠળ ગુનાને સ્થાપિત કરવા માટે, ફરિયાદપક્ષે ગુનાના તમામ આવશ્યક ઘટકો પુરા કરવા આવશ્યક છે. સદર જોગવાઈનું અવલોકન ગુનાના નીચેના જરૂરી ઘટકો દર્શાવે છે :–

<u>પ્રથમ ઘટક :–</u> ચેક એક વ્યક્તિ દ્વારા નાણાંની ચુકવણી માટે તેના દ્વારા જાળવવામાં આવેલા ખાતા પર દોરવામાં આવ્યો હતો અને તે તે દોરવામાં આવે તે તારીખથી ૩ મહિનાના સમયગાળાની અંદર અથવા તેની માન્યતાના સમયગાળાની અંદર ચુકવણી માટે રજૂ કરવામાં આવે છે;

<u>બીજો ઘટક :–</u> કાનુની રીતે લાગુ કરી શકાય તેવા ઋણ અથવા અન્ય જવાબદારીના નિકાલ માટે ડ્રોઅર દ્વારા ચેક ઈસ્યુ કરવામાં આવ્યો હતો;

<u>ત્રીજો ઘટક :–</u> ચેકનું એન્કેશ માટે ખાતામાં ભંડોળની અછતને કારણે અથવા તે બેંક સાથે કરવામાં આવેલા કરાર પર તે ખાતામાંથી ચૂકવવા માટે ગોઠવાયેલી રકમ કરતાં વધી જવાને કારણે બેંક દ્વારા ચેક ચૂકવવામાં આવ્યો ન હતો;

<u>ચોથો ઘટક :–</u> બેંકમાંથી ચેકના અનાદરની માહિતી પ્રાપ્ત થયાના ત્રીસ દિવસની અંદર ચેકના પેઈ અથવા ધારક દ્વારા ચેકના યોગ્ય સમયે

ડ્રોઅરને લેખિત નોટિસ દ્વારા આ રકમની માંગ કરવામાં આવી છે;

પાંચમો ઘટક :– ડ્રોઅર નોટિસ મળવાની તારીખથી પંદર દિવસની અંદર ઉપરોક્ત રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે.

(૯.૧) આરોપીને નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ ગુનાનો દોષિત ઠેરવી શકાય છે, જો ઉપરોક્ત ઘટકો ફરીયાદી દ્વારા નિઃશંકપણે સાબિત કરવામાં આવે. ઉપરાંત, નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૨ હેઠળ નિર્ધારિત શરતોનું પાલન ફરિયાદપક્ષે કરવાનુ રહે છે.

(૧૦) ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ચેક ધ્યાને લેતાં, તકરારી ચેક નંબર–૦૦૦૦૦૩ નો તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજનો રૂા.૮૫,૦૦૦/– નો છે, જે ચેકમાં પેઇ તરીકે ફરીયાદીનું નામ જણાઈ આવે છે, જે ચેક સદર કામે **આંક–૧૪** થી રજૂ કરવામાં આવેલ છે. સદર ચેક પરત ફર્યા અંગેનો અસલ ચેક રીટર્ન મેમો આ કામે **આંક–૧૬** થી રજુ કરવામાં આવેલ છે, તે રીટર્નમેમો જોતાં, તકરારી ચેક ફરીયાદીની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા, સુરેન્દ્રનગર શાખામાંથી પરત ફરેલો હોવાનું જણાય છે અને તે રીટર્નમેમો તા.૧૬/૧૦/૨૦૨૪ ના રોજનો છે તેમજ આ કામે રજુ **આંક–૧૬** વાળા રીટર્ન મેમોમાં ચેક નંબર–૦૦૦૦૦૩ વાળો ચેક **"એકાઉન્ટ કલોઝડ"** ના શેરા સાથે પરત ફરેલાનું જણાય આવે છે.

(૧૦.૧) વધુમાં, સદર ચેક પરત ફરતા ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફતે લીગલ ડીમાન્ડ નોટીસ **તા.૨૧/૧૦/૨૦૨૪** ના રોજ મોકલાવેલ, તે અંગે નોટીસની સ્થળપ્રત આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૭** થી તથા આરોપીને નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટ ખાતાની સફેદ પાવતી **આંક–૧૮** થી અને તે નોટીસ આરોપીને બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ટ્રેક રીપોર્ટ **આંક–૧૯** થી રજુ થયેલ છે. આમ,

ફરીયાદીએ આરોપીને મોકલાવેલ નોટીસ **તા.૨૩/૧૦/૨૦૨૪** ના રોજ બજી ગયેલ છે. ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરીયાદ કાયદેસરની સમયમર્યાદામાં દાખલ કરેલ હોય, ફરીયાદીએ સદર ચેક અંગે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)(બી)(સી)ની જોગવાઈઓનું પાલન કરેલાનું જણાઈ આવે છે. વધુમાં, આરોપીપક્ષે ફરીયાદી દ્વારા રજુ કરેલ ચેકમાં આરોપીની સહી ન હોવા અંગે, સદર ચેક પરત ફરેલ ન હોવા અંગે કે બેંકના રીટર્ન મેમો અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી તેમજ આરોપીને ફરીયાદીએ મોકલાવેલ નોટીસ મળેલ ન હોવા અંગેની પણ કોઈ તકરાર લેવામાં આવેલ નથી, જેથી ફરીયાદી પક્ષે ઉપરોક્ત જણાવેલ પ્રથમ, ત્રીજા, ચોથા અને પાંચમા ઘટકો પુરવાર કરેલાનુ પ્રાથમિક પણે જણાઈ આવે છે.

(૧૧) આમ, સદર કેસની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદીએ આરોપીને ફરીયાદીની જાણમાં હોય તે સરનામે ડીમાન્ડ નોટીસની કાયદેસર બજવણી કરવામાં આવેલ છે તેમજ સદર કેસ દાખલ થયા બાદ પણ જે તે સરનામે જ આરોપીને કોર્ટના સમન્સની બજવણી કરવામાં આવેલ છે અને આરોપી હાજર રહેલ છે, જેથી ઉપરોક્ત ચુકાદામાં જણાવેલ સિદ્ધાંત હાલના કેસમાં લાગુ પડી શકાય એમ છે.

(૧૧.૧) પરંતુ, જ્યાં સુધી બીજા ઘટકના પુરાવાનો સંબંધ છે, ફરીયાદીએ સાબિત કરવું પડશે કે તકરારી ચેક કાયદેસરના દેવાની ચૂકવણી કરવા માટે ડ્રોઅર દ્વારા ઇસ્યુ કરવામાં આવ્યો હતો કે કેમ ? વર્તમાન કેસમાં, આરોપીએ ચેક પર પોતાની સહી સ્વીકારી છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ અનુસાર, આરોપી ચેક પર સહી સ્વીકારે છે ત્યારે ફરીયાદીની તરફેણમાં અમુક ધારણાઓ કરવામાં આવે છે, જેના પરિણામે જવાબદારી સ્થાનાંતરિત થાય છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮(એ) એવી ધારણા મૂકે છે કે, દરેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કાયદેસરના અવેજ માટે ઘડવામાં

આવ્યું હતું અથવા દોરવામાં આવ્યુ હતુ. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ માં અન્ય એક ધારણા દર્શાવવામાં આવી છે. આ જોગવાઈ એવી ધારણા મૂકે છે કે, આરોપી જ્યાર સુધી વિરુદ્ધનું પુરવાર ન કરે ત્યાં સુધી, આરોપીએ આપેલ ચેક કાયદેસરના સંપૂર્ણ અથવા અંશતઃ, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી માટે ફરીયાદીને આપવામાં આવેલ છે તેવું અદાલતે અનુમાન કરવાનુ રહે છે.

(૧૨) આ બંને જોગવાઈઓની સંયુક્ત અસર એ ધારણા છે કે, ચેક અવેજ માટે દોરવામાં આવ્યો હતો અને આરોપી દ્વારા દેવું અથવા અન્ય જવાબદારીની ચૂકવણી માટે આપવામાં આવ્યો હતો. બંને કલમો **“shall be presumed”** અભિવ્યક્તિનો ઉપયોગ કરે છે, એકવાર તે માટે જરૂરી પાયાના તથ્યો સાબિત થઈ જાય ત્યારે સદર જોગવાઈઓ અદાલત માટે ધારણાઓ ઉઠાવવી અનિવાર્ય બનાવે છે. માનનીય સર્વોચ્ચ અદાલતના **હિતેન પી. દલાલ વિરુદ્ધ બ્રાતિન્દ્રનાથ બેનર્જી (2001)** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

15. In case of Kumar Exports V/s. Sharma Carpets, (2009) 2 SCC 513, the Hon'ble Supreme Court had held:

"**The accused under Section 138 NI Act has two options. He can either show that the consideration and debt did not exist or that under the particular circumstances of the case, the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumption, an accused is not expected to prove his defence beyond reasonable doubt as it is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt**

or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which his probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probably that a prudent man under the circumstances of the case, act upon the plea that they did not exist.** Apart from adducing direct evidence to prove that the note in question, was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon the circumstantial evidence and if the circumstances so relied upon are so compelling, the burden may likewise shift again on the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in **Section 114** of the Evidence Act to rebut the presumptions arises under **Section 118** and **139** of NI Act".

(૧૨.૧) જ્યાં સુધી જવાબદારીની હકીકતોની વાત છે, ઉપર ચર્ચા કર્યા મુજબ કાયદાની ફરજિયાત ધારણાને ધ્યાનમાં રાખીને, જો કોઈ એક

ફરીયાદી દ્વારા આરોપીની સહીઓ સાથે રજૂ કરવામાં આવ્યો હોય, તો જવાબદારીના અસ્તિત્વમાં કોઈ અંતર્ગત ખામી હોઈ શકતી નથી. પરંતુ પછી ચોક્કસપણે, આરોપીએ તેની ક્રોસ–એક્ઝામિનેશન દરમિયાન સાક્ષીના તટસ્થતા ઉપર શંકા લાવીને ફરીયાદીની હકીકતમાં વળાંક લાવી શકે છે. આરોપી તેના માર્ગમાં આવતી સંભાવનાઓની પ્રાધાન્યતા દર્શાવીને તેનો બોજો ઉઠાવી શકે છે.

(૧૩) હાલના કેસની હકીકત અને રેકર્ડ ધ્યાને લેતા, આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે સદર કેસની કાર્યવાહી દરમિયાન આરોપીએ ફરિયાદીને ચેકની પૂરેપૂરી રકમ ચૂકવી દીધેલ છે. સદર કેસનો રેકર્ડ ધ્યાને લેતા, સદર કામના આરોપીએ આંક – 20, 21, 22, 24, થી ચેક પેટેની રકમ ચૂકવેલ હોવાની હકીકત જાહેર કરેલ છે તેમજ આંક – 25 થી ફરિયાદી તરફે આરોપી પાસેથી ચેક પેટેની કુલ રકમ રૂ. 85,000/– મળી ગયેલ હોવાની જાહેરાત કરેલ છે અને વધુમાં, નોટિસ ખર્ચ, ફરિયાદ ખર્ચ તથા વટાઉખત અધિનિયમ, 1881 ની કલમ – 79 મુજબ માંગણી મુજબની વ્યાજની રકમ મેળવવાની તકરાર ઉભી રાખેલ હોવાની હકીકત જાહેર કરેલ છે.

જે તમામ હકીકત ધ્યાને લેતા, આરોપીએ નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ – 138 ની જોગવાઇ મુજબ ગુનો કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. સદર કામે આરોપીએ અદાલત સમક્ષ હાજર થયા બાદ ચેકની રકમ ફરિયાદીને ચૂકવી દીધેલ છે જે હકીકત ફરિયાદી દ્વારા તેઓની ઉલટતપાસમાં કબૂલ રાખવામાં આવેલ છે. પરંતુ ફરિયાદીએ સદર કેસની કાર્યવાહી ચેક ની રકમ સિવાય વ્યાજની રકમ મેળવવા માટે પેડીંગ રાખેલ છે. આરોપી વિરુદ્ધ તકરારી ચેક પરત ફરેલ હોય તે અંગે ફોજદારી કાર્યવાહી અનુસરવામાં આવેલ છે અને આરોપીને કેસની કાર્યવાહી દરમિયાન ચેકની રકમ ચૂકવી આપેલ છે પરંતુ ફરિયાદી તરફે જે નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ – 79 ની જોગવાઇ મુજબ વવ્યાજની રકમની માંગણી કરવામાં આવેલ છે

તે અંગે નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એક્ટની કલમ – 79 ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે.જે નીચે મુજબ છે.

79. Interest when rate specified.—

When interest at a specified rate is expressly made payable on a promissory note or bill of exchange, interest shall be calculated at the rate specified, on the amount of the principal money due thereon, from the date of the instrument, until tender or realization of such amount, or until such date after the institution of a suit to recover such amount as the court directs.

ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતા, સદર જોગવાઈ સિવિલ દાવાના કામે વ્યાજ કઈ રીતે વસૂલ મેળવવો તે અંગેની જોગવાઇ છે. જેથી સદર જોગવાઈ હાલના કામે લાગુ પાડી શકાય એમ નથી. વધુમાં, ફરિયાદી કાયદેસરની વ્યાજની રકમ દીવાની રાહે મેળવવા હક્કદાર છે. તેમજ ફરિયાદી તરફે તેઓ અન્ય કઇ રીતે વ્યાજની રકમ મેળવવા હકદાર છે તે અંગે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી.

પરંતુ ફરિયાદીને સદર કેસની કાર્યવાહી દરમિયાન ભોગવવા પડેલ હાલાકી અને વેડફાયેલ સમય વિગેરે ધ્યાને લેતા, તેમજ ફરિયાદીને સદર કેસની કાર્યવાહી અનુસરવામાં લાગેલ સમય ધ્યાને લેતા, ફરિયાદીને દીવાની રહે દાદ મેળવવામાં પણ સમયમર્યાદાનો બાધ નડે એમ છે. સદર કાર્યવાહીનો ઉદ્દેશ આરોપીને સજા આપવાની સાથે ફરિયાદીને જે હાલાકી અને નુકસાન ભોગવવો પડેલ છે તેની ભરપાઈ કરવાનો પણ છે. જે હકીકતના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **R. Vijayan vs Baby & Anr (2011)** ના ચુકાદામાં ઠરવવમાં આવેલ સિદ્ધાંત ઉપર આધાર રાખું છું, જેમાં ઠરાવવામાં આવેલ છે કે,

15. **The apparent intention is to ensure that not**

only the offender is punished, but also ensure that the complainant invariably receives the amount of the cheque by way of compensation under section 357(1)(b) of the Code. Though a complaint under section 138 of the Act is in regard to criminal liability for the offence of dishonouring the cheque and not for the recovery of the cheque amount, (which strictly speaking, has to be enforced by a civil suit), in practice once the criminal complaint is lodged under section 138 of the Act, a civil suit is seldom filed to recover the amount of the cheque. This is because of the provision enabling the court to levy a fine linked to the cheque amount and the usual direction in such cases is for payment as compensation, the cheque amount, as loss incurred by the complainant on account of dishonour of cheque, under section 357 (1)(b) of the Code and the provision for compounding the offences under section 138 of the Act. Most of the cases (except those where liability is denied) get compounded at one stage or the other by payment of the cheque amount with or without interest. **Even where the offence is not compounded, the courts tend to direct payment of compensation equal to the cheque amount (or even something more towards interest) by levying a fine commensurate with the cheque amount.** A stage has reached when most of the complainants, in particular the financing institutions (particularly private financiers) view the proceedings under section 138 of the Act, as a proceeding for the recovery of the cheque amount, the punishment of the drawer of the

cheque for the offence of dishonour, becoming secondary.

16. Having reached that stage, if some Magistrates go by the traditional view that the criminal proceedings are for imposing punishment on the accused, either imprisonment or fine or both, and there is no need to compensate the complainant, particularly if the complainant is not a `victim' in the real sense, but is a well-to-do financier or financing institution, difficulties and complications arise. In those cases where the discretion to direct payment of compensation is not exercised, it causes considerable difficulty to the complainant, as invariably, by the time the criminal case is decided, the limitation for filing civil cases would have expired. **As the provisions of Chapter XVII of the Act strongly lean towards grant of reimbursement of the loss by way of compensation, the courts should, unless there are special circumstances, in all cases of conviction, uniformly exercise the power to levy fine upto twice the cheque amount (keeping in view the cheque amount and the simple interest thereon at 9% per annum as the reasonable quantum of loss) and direct payment of such amount as compensation. Direction to pay compensation by way of restitution in regard to the loss on account of dishonour of the cheque should be practical and realistic, which would mean not only the payment of the cheque amount but interest thereon at a reasonable rate.** Uniformity and consistency in deciding similar cases by different courts, not only increase the credibility of cheque as a negotiable instrument,

but also the credibility of courts of justice.

17. **We are conscious of the fact that proceedings under section 138 of the Act cannot be treated as civil suits for recovery of the cheque amount with interest.** We are also conscious of the fact that compensation awarded under section 357(1)(b) is not intended to be an elaborate exercise taking note of interest etc. Our observations are necessitated due to the need to have uniformity and consistency in decision making. In same type of cheque dishonour cases, after convicting the accused, if some courts grant compensation and if some other courts do not grant compensation, the inconsistency, though perfectly acceptable in the eye of law, will give rise to certain amount of uncertainty in the minds of litigants about the functioning of courts. Citizens will not be able to arrange or regulate their affairs in a proper manner as they will not know whether they should simultaneously file a civil suit or not. The problem is aggravated having regard to the fact that in spite of section 143(3) of the Act requiring the complaints in regard to cheque dishonour cases under section 138 of the Act to be concluded within six months from the date of the filing of the complaint, such cases seldom reach finality before three or four years let alone six months. These cases give rise to complications where civil suits have not been filed within three years on account of the pendency of the criminal cases. While it is not the duty of criminal courts to ensure that successful complainants get the cheque amount also, it is their duty to have uniformity

and consistency, with other courts dealing with similar cases.

18. One other solution is a further amendment to the provision of Chapter XVII so that in all cases where there is a conviction, there should be a consequential levy of fine of an amount sufficient to cover the cheque amount and interest thereon at a fixed rate of 9% per annum interest, followed by award of such sum as compensation from the fine amount. This would lead to uniformity in decisions, avoid multiplicity of proceedings (one for enforcing civil liability and another for enforcing criminal liability) and achieve the object of Chapter XVII of the Act, which is to increase the credibility of the instrument. This is however a matter for the Law Commission of India to consider.

(૧૪) આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિદ્ધાંત ને ધ્યાને લેતા, ફરિયાદી ચેક્ની રકમ સિવાય યોગ્ય વળતરની રકમ તથા વ્યાજ મેળવવા હકકદાર છે. જે તમામ હકીકત ધ્યાને લતા, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની **કલમ–૧૩૮** ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોવાથી તેમજ આરોપીએ ચેકની રકમ ચૂકવી આપી કાયદેસરની લેણી રકમ હોવાની હકીકત કબૂલ રાખેલ છે, જેથી આરોપીને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨)** અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની **કલમ–૧૩૮** ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં, ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ સદર કાયદાની **કલમ–૧૩૮** ના આવશ્યક તત્વો નિઃશંકપણે સાબિત કરવામાં સફળ થયેલા છે. તેથી **મુદ્દા નંબર–૧ અને ૨** નો મારો નિર્ણય **‘હકારમાં’**

આપુ છું.

મુદ્દા નંબર–૩

(૧૫) ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય, આરોપી વિરુદ્ધનો ગુનો આર્થિક વ્યવહાર અંગેનો છે, જેથી આરોપીને **પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ, ૧૯૫૮** નો લાભ આપવો ન્યાયોચિત જણાઈ આવતું નથી, કારણ કે, આવો લાભ આપવાથી સમાજમાં આ પ્રકારનો ગુનો કરનારને ઉત્તેજના મળે અને તેથી મોટા પાયે આર્થિક વ્યવહારોને અસર પહોંચે, તેથી આરોપીને દાખલા સ્વરૂપ સજા થાય અને ફરીયાદીને યોગ્ય વળતર મળે તે ન્યાયોચિત જણાય છે, જેથી હાલના કેસમાં આરોપી વિરુદ્ધ સજાનો હુકમ કરી શકાય તેમ હોય તેમજ આરોપી વિરુદ્ધ હાલના ગુનાની ટ્રાયલ **ફોજદારી કાર્યરીતિ સંહિતાના ચેપ્ટર–૧૬** મુજબ સમન્સ કેસની ટ્રાયલ તરીકે ચાલેલ હોય, સજાના મુદ્દે આરોપી હાજર નથી, જેથી આરોપીને સાંભળવા જરૂરી નથી. પરંતુ આરોપી તરફે સદર કેસની કાર્યવાહી દરમિયાન ચેકની રકમ ચૂકવી આપેલ છે તે હકિકત પણ ધ્યાને લેવાની રહે છે. જેથી આરોપીને જેલની સજા ફરમાવવામાં રાહત આપવી યોગ્ય જણાય આવે છે.જે તમામ મુદ્દાઓ ધ્યાને લઈ, **મુદ્દા નંબર–૩** અંગે નીચે મુજબ આખરી હુકમ કરૂ છું.

–:: આખરી હુકમ ::–

૧.) હાલના **ફોજદારી કેસ નંબર–૧૬/૨૦૨૫** ના કામના આરોપી સંજયભાઈ સુર્યકાંતભાઈ શાહ, ઉ.વ.આ.૫૦, ધંધો–પ્રા.નોકરી, રહે.૭, કૈલાશ પાર્ક, જી.ઈ.બી. સર્કલ ઓફીસ પાસે, વઢવાણ, જી.સુરેન્દ્રનગર નાઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૨)** અન્વયે **નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૮** ના ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂ.૮૫,૦૦૦/– (અંકે રૂપિયા પંચ્યાસી હજાર પુરા) નો દંડ ચેક પરત ફર્યા તારીખથી વસૂલ મળે ત્યાં સુધીના ૯% ના વ્યાજ સાથે **બે માસમાં** ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી

ઉપરોક્ત દંડની રકમ ચૂકવવામાં કસુર કરે તો, ૬(છ) માસની સાદી કેદની વધુ સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. **સદર રકમ માંથી આરોપીએ ચુકવેલ ચેકની રકમ રૂ.૮૫,૦૦૦/- મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.**

૨.) આ કામે **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૫૭(૩)** મુજબ આરોપીએ જમા કરેલ દંડની રકમ અપીલ સમય પુરો થયા બાદ વળતર પેટે ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩.) આ કામના આરોપીએ જો અગાઉ સજા ભોગવેલ હોય તો, **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૨૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪.) સદર કામના આરોપીએ કોઈ બેલ બોન્ડ રજુ કરેલ હોય, તો તે રદ્દ કરવામાં આવે છે.

૫.) આરોપીને આ ચુકાદાની એક નકલ **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૩** મુજબ વિનામૂલ્યે તાત્કાલિક આપવી.

આ **ચુકાદો** આજરોજ તારીખ : ૦૪, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૪/૦૮/૨૦૨૬
સુરેન્દ્રનગર.

(એન.બી.શર્મા)
એડી. સિવિલ જજ અને
જે.એમ.એફ.સી.,
સુરેન્દ્રનગર.
જીજે.૦૧૭૨૮